

# ગણિત

## ધોરણ-૪

દ્વિતીય સત્ર

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ – ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**

SHIKSHAN SAGAR APPLICATION 2024-25

**નવેમ્બર માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: (8) ગાડું અને પૈડાં**

**અધ્યયન નિષ્પતિ :**

M 403 આસપાસના પર્યાવરણમાં જોવા મળતા આકારોની સમજ ધરાવે છે.

***વિષવસ્તુના મુદ્દા***

8.1 વર્તુળનું કેન્દ્ર, ત્રિજ્યા અને વ્યાસ

8.2 વર્તુળની ત્રિજ્યા તથા ભાગનું માપન કરતા શીખે.

8.3 વર્તુળની ત્રિજ્યા પરથી વ્યાસ શોધતાં શીખે.

8.4 વર્તુળના વ્યાસ પરથી ત્રિજ્યા શોધો શીખે.

8.5 આપેલ ત્રિજ્યા અથવા વ્યાસના માપના વર્તુળની રચના કરતાં શીખે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ગોળ વસ્તુઓ
- ગોળ બંગડી
- વર્તુળની આકૃતિ દોરવા ઉપયોગી વસ્તુઓ
- વર્તુળ સાથે ની રમત
- દોરડાની મદદ થી વર્તુળ બનાવવું.
- વર્તુળની ત્રિજ્યા
- માપપટ્ટીની મદદથી વર્તુળની ત્રિજ્યા માપવી
- વાહનોના પૈડાં
- દળજીતની ડિઝાઇન
- પરિકારનો ઉપયોગ
- વર્તુળનું કેન્દ્ર
- કેન્દ્ર શોધો
- સંતુલનની પ્રવૃતિ
- ચકરડી બનવવી
- ચકરડી ફેરવવી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ગોળ વસ્તુઓ
- ખીલી દોરડું
- માપપટ્ટી
- રકાબી પૂંઠા કતાર દિવાસળીની પેટી

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને નોટબૂકમાં આજુબાજુની જોયેલી ગોળ વસ્તુઓની યાદી બનાવવા જણાવીશ. ઘરેથી બંગડીઓ લાવવા જણાવીશ. કઈ બંગડી તમારા માપણી છે ? તે અનુમાન કરાવીશ. આજુબાજુ ની વર્તુળની આકૃતિ દોરવાની વસ્તુઓની યાદી બનાવવા જણાવીશ. શક્ય તેટલી વસ્તુઓની નોટબૂકમાં વર્તુળ દોરવા જણાવીશ. વર્તુળ સાથેની રમત

વિદ્યાર્થીઓને રમાડીશ. મેદાન પર વિદ્યાર્થીઓને વર્તુળ દોરવાની પ્રવૃતિ કરાવીશ. કોને સૌથી શ્રેષ્ઠ વર્તુળ બનાવ્યું છે ? તે ચર્ચા કરી બતાવીશ. દોરડાની મદદ થી બંને છેદેખીલીનઑપયોગ કરી વર્તુળ દોરવીશ. વિદ્યાર્થીઓ જુથ બનાવી પ્રવૃતિ કરશે. કયું વર્તુળ નાનું અને કયું વર્તુળ મોટું છે તે બતાવીશ. વર્તુળની ત્રિજયા દોરવીશ. વિદ્યાર્થીઓએ દોરેલ વર્તુળની ત્રિજય સૌથી લાંબી છે ? વિદ્યાર્થીઓએ દોરેલ વર્તુળની ત્રિજય માપપટ્ટીની મદદ થી મપાવીશ. વિદ્યાર્થીઓએ જોયેલા વાહનોના પૈડાના આધારે પ્રશ્નોત્તરી કરીશ. દળજીતે બનાવેલી ડિઝાઇન જેવી ડિઝાઇન બનવડાવીશ. તે માટે પરિકારનો ઉપયોગ કરાવીશ. તેના આધારે વર્તુળના કેન્દ્રની સમજ આપીશ. પરિકર વડે વિવિધ આકૃતિઓ બનાવવાની પ્રવૃતિ કરાવીશ. શું વર્તુળમાં એક કરતાં વધારે કેન્દ્ર હોઈ શકે તે ચર્ચા કરીશ. દોરેલ વર્તુળમાં તમારા વર્તુળનું કેન્દ્ર કયા છે ? તે શોધવીશ. તે માટેની પ્રવૃતિ કરાવીશ. પાન નં. 88 પરથી આકૃતિ બનવડાવીશ. વિદ્યાર્થીઓને આંગળી પર રકાબી કે તેના જેવા ગોળ ઢાંકણ ને સંતુલિત કરવાની પ્રવૃતિ કરાવીશ. વિદ્યાર્થીઓને પૂંઠા માંથી વર્તુળ દોરવી ચકરડી બનાવવાની પ્રવૃતિ કરાવીશ. પછી ચકરડી ફેરવવા જણાવીશ. આકૃતિ માં આપેલ ચકરડી ને ફેરવવાથી શું થાય છે ? તે પ્રશ્નોત્તરી કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ-**

**મૂલ્યાંકન -**

**ડિસેમ્બર માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: (9) અડધું અને પા**

**અધ્યયન નિષ્પતિ :**

M 402 અપૂર્ણાંક સાથે કામ કરે છે.

***<u>વિષયવસ્તુના મુદ્દા</u>***

9.1 વસ્તુઓના ૧/૨, ૧/૪ અને 3 /૪ ભાગ કરી શકે.

9.2 વસ્તુઓના ૧/૨, ૧/૪ અને 3 /૪ ભાગ સમજી શકે.

9.3 વ્યવહારું કોયડા ઉકેલી શકે.

**શૈક્ષણિક મુદ્દા :**

- "બે બિલાડી અને વાંદરો" ની વાર્તાનું (પા. પૂ. માં આપેલી) કથન
- અડધું – અડધું
- અડધનું અડધું
- ઘણા ટુકડાનો અડધો ભાગ
- અડધા કાગળમાંથી બનતા આકાર
- અડધા ભાગ કરવાની બીજી રેતો
- ચોથા ભાગ કરવાની બીજી રીતો
- ચોથો ભાગ કરવાની ઘણી રીતો
- એક સરખા ભાગને લખવાની રીત
- કેક ના ભાગ પાડવા
- લોભી કુંદનની વાર્તા તેના દ્વારા 1,2/4,3/4 ભાગની સમજ
- વસ્તુની કિમત સાથેની સૂચીનો ઉપયોગ કરી વસ્તુની કિમત શોધો
- રેખાકૃતિ પૂર્ણ કરવી.
- મીટર નું અડધું અને પા
- મીટર સેન્ટિમીટર ની સમજ
- દૂધની વહેચણી
- લિટર – મિલીલીટર ની સમજ
- વજન સમતોલ કરવું
- શ માટે ખોટું છે ? ચર્ચા કરો.

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- મીટરપટ્ટી

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક માં આપેલ "બે બિલાડી અને વાંદરો" ની વાર્તાનું કથન કરીશ. જો તમને રોટલી એક સરખા ભાગે વહેચવાનું કહેવામાં આવેતો કેવી રીતે ભાગ પાડશો ? ચર્ચા કરીશ અડધું – અડધું અને અડધનું અડધું કેવી રીતે થાય તે પ્રવૃતિ કરી બતાવીશ. ઘણા ટુકડાનો અડધો ભાગ કેવી રીતે થાય તે બતાવીશ. કાગળ માંથી ત્રિકોણ આકારે અડધા બે સરખા ભાગ કરાવીશ. તેનાથી જુદા જુદા આકારો બનાવવાની પ્રવૃતિ કરાવીશ. અડધા ભાગ કરવાની બીજી રીતો બતાવીશ. લંબ ચોરસને જુદી જુદી કેટલી રીતે અડધા ભાગમાં કાપી શકાય તે માટેની પ્રવૃતિ કરાવીશ. ચોથા ભાગ કરવાની રીતો બતાવીશ. . લંબ ચોરસને જુદી જુદી કેટલી રીતે ચાર એક સરખા ભાગ કરી શકાય તે માટેની પ્રવૃતિ કરાવીશ. એક સરખા ભાગને લખવાની રીત બતાવીશ. કેક ના સરખા કરવી 1,4, ¾ જેટલા ભાગોમાં રંગ પુરવીશ. લોભી કુંદનની વાર્તા દ્વારા સરખા ભાગ 1,4, 3/4 ની સમજ આપીશ. વિદ્યાર્થીઓને વસ્તુની

કિમત સાથેની સૂચીનો ઉપયોગ કરી 1/2, 2/4, 3/4 સમજ આપીશ. વિદ્યાર્થીઓને વસ્તુની સાથેની સૂચીનો ઉપયોગ કરી 1/2 , 2/4, 3/4 જેટલી વસ્તુની કિમત શોધવા જણાવીશ. 1/2 ચિત્ર દોરેલ છે તેના આધારે બીજું અડધું ચિત્ર દોરી રેખાકૃતિ પૂર્ણ કરાવીશ. મીટર પટ્ટી નો ઉપયોગ કરી એક મીટર દોરી કપાવીસ. તેની ઉપર 1/2 મીટર, 1/4 મીટર અને 3/4 મીટર ના નિશાન કરાવીશ. 1/2 મીટરના માપ ની દોરીનો ઉપયોગ કરી લીટી જમીન પર દોરવીશ. ટેલિટી કેટલા સેન્ટિમીટર ની છે તે કહેવા જણાવીશ. ચર્ચા કરીશ. બોટલ 1 લિટર દૂધની ભરેલ છે તેને ચાર બોટલમાં 1/4 લિટર સમય તે રીતો રેડવીશ. દરેક બોટલમાં કેટલા મિલી લિટર દૂધ હશે તેની ચર્ચા કરીશ. દરેક બોટલમાં ભરેલ દૂધની સપાટી સુધી પેન્સિલથી નિશાની કરાવીશ. ખાલી પલ્લમ ઉપર દર્શાવેલ વજન એવી રીતે પસંદ કરાવીશ કે બંને પલ્લ સમાન થાય. રંગપુરણી કરેલ ભાગ ખોટ છે તે કેવી રીતે છે તે ચર્ચા કરાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- પ્રવુતિ : અડધું ચિત્ર પૂર્ણ દોરી રેખાકૃતિ પૂર્ણ કરો

**મૂલ્યાંકન** - મહાવરો લખો.

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: (૧૦) પેટર્નની રમત**

**અધ્યયન નિષ્પતિ :**

M 401 સંખ્યાઓની મૂળભૂત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે.

M 403 આસપાસના પર્યાવરણમાં જોવા મળતા આકારોની સમજ ધરાવે છે.

***વિષયવસ્તુના મુદ્દા***

10.1 આજુબાજુમાં દેખાતી પેટર્ન સમજે અને આગળ વધારે.

10.2 વિવિધ આકારોની સંખ્યાત્મક પેટર્ન તેમજ મૂળાક્ષરોની પેટર્ન સમજે

**શૈક્ષણિક મુદ્દા :**

- ટીનુંએ બનાવેલ સાડી, ચાદર અને દુપટ્ટાની પેટર્નનું અવલોકન

- બ્લોકનો ઉપયોગ કરી પેટર્ન બનાવો.
- પેટર્ન આગળ વધારો
- આંકડા અને અક્ષરોનો ઉપયોગ કરી પેટર્ન બનાવવી.
- અંકોનું ચોકઠું (કોઇપણ અંક બે વાર ન આવવો જોઇએ)
- મૂળાક્ષરોનું ચોકઠું
- જાદુઇ ત્રિકોણ
- જાદુઇ પેટર્ન
- અંકોનું ટાવર (મિનારો)
- સરવાળાનો સમાન નિયમ
- સરવાળાની પેટર્ન
- ગુપ્ત સંદેશ (અંકોનો ઉપયોગ અક્ષરો માટે)
- વધુ ગુપ્ત સંદેશા
- ઉંધુ – ચત્તું
- ભોયતળિયાની પેટર્ન
- લાદીની પેટર્ન પૂર્ણ

**શૈક્ષણિક સાધન :-** પાઠય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ટીનું એ બનાવેલ સાડી, ચાદર અને દુપટ્ટાની પેટર્નનું અવલોકન કરાવીશ. તે જ રીતે પા.પુ. માં આપેલ બ્લોકનો ઉપયોગ કરી પેટર્ન – ૧, પેટર્ન – ૨ અને પેટર્ન – ૩ બનાવવા જણાવીશ. યામિનિએ બનાવેલ પેટર્નને આગળ વધારવા જણાવીશ. આંકડા અને અક્ષરોના ઉપયોગ કરીને આપેલ પેટર્નને આગળ વધારવા જણાવીશ. વિદ્યાર્થીઓને પોતાની સંખ્યાની પેટર્ન બનાવવા જણાવીશ. આંકડા વગરની પેટર્ન બનાવવા જણાવીશ. અંકોના ચોકઠાની પેટર્નનું અવલોકન કરાવીશ. તે જ રીતે મૂળાક્ષરોનો ઉપયોગ કરી ચોકઠું બનાવવા જણાવીશ. જાદુઇ પેટર્નનું અવલોકન કરાવીશ. તે જ રીતે ૧ થી ૯ અંકને દર્શાવી દરેક લીટીના અંકનો સરવાળો ૧૫ થાય તે રીતે ગોઠવવા જણાવીશ. જાદુઇ ત્રિકોણનું અવલોકન કરાવીશ. ૧ થી ૬ અંકોનો ઉપયોગ કરી જાદુઇ ત્રિકોણક બનાવવા જણાવીશ. અંકોનું ટાવર (મિનારો) નું અવલોકન કરાવીશ. આપેલ પેટર્નના નિયમ મુજબ આપેલ મિનારો પૂર્ણ કરવા જણાવીશ. સરવાળાનો સમાન નિયમ ઉદાહરણ દ્વારા સમજાવીશ. સરવાળાની પેટર્ન ઉદાહરણ દ્વારા સમજાવીશ. તે જ રીતે ૫ અંકોનો ઉપયોગ કરી નવી પેટર્ન બનાવવા જણાવીશ. આપેલ અંકોનો ઉપયોગ

અક્ષરો માટે કરી યાદી અક્ષરો અને અંકોથી પૂર્ણ કરવા જણાવીશ. આનો ઉપયોગ કરીને "તે શું લખશે? " તે લખવા જણાવીશ. ગુપ્તતા માટે વપરાતા ચિહ્નો અને સાંકેતિક ભાષાનો ઉપયોગ પણ પેટર્નની ઓળખ છે. તે ઉદાહરણ દ્વારા સમજ આપીશ. પત્તાના ઉદાહરણ દ્વારા ઉંધુ – ચત્તું બતાવીશ. ભોયતળિયાની લાદીની પેટર્નનું અવલોકન કરાવીશ. આપેલ લાદીથી ભોયતળિયાને ઢાંકવા જણાવીશ. લાદીની પેટર્ન પૂર્ણ કરવા જણાવીશ. બ્લોકથી દિવાલની પેટર્ન પૂર્ણ કરવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ : તમારી પોતાની સંખ્યાની પેટર્ન બનાવો.

**મૂલ્યાંકન**

- પેટર્ન પૂર્ણ કરવા જણાવીશ.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન

**પાઠનું નામ:** (૧૧) ઘડિયા અને ભાગાકાર

**અધ્યયન નિષ્પતિ :**

M 11.1 / 11.2/ 11.3 ઘડિયા બનાવી તેના આધારિત વ્યવહાકુ કોયડા ઉકેલે.

***વિષયવસ્તુના મુદ્દા***

11.1 ઘડિયા બનાવે.

11.2 ઘડિયા આધારિત વ્યવહારુ કોયડા ઉકેલવા.

11.3 ભાગાકાર આધારિત વ્યવહારુ કોયડા ઉકેલવા,

**શૈક્ષણિક મુદ્દા :**

- શ્યામનો બગીચો
- અભરાઇમાં બરણીઓ
- ઘડિયાળની રચના
- કેટલી બિલાડીઓ ?
- કૂદકા મારતાં પ્રાણીઓ
- દરિયાઇ છીપલાં
- ગંગુ મીઠાઇ
- ભાગાકારની ગણતરીની રીતો
- વ્યવહારું કોયડા
- કૂટ પ્રશ્નની રચના

**શૈક્ષણિક સાધન :-** પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને શ્યામના બગીચામાં રોપેલા રોપાના આધારે ગુણાકારની સંકલ્પના સ્પષ્ટ કરીશ. અભરાઇમાં બરણીઓ દ્વારા દરેક હારની સમજ આપીશ. ૨ અને ૫ ના ઘડિયા દ્વારા ૭ ના ઘડિયાની રચના શીખવીશ. તે જ રીતે ૪ નો ઘડિયો રચવા જણાવીશ. કેટલીક બિલાડીઓ ની પ્રવૃત્તિ દ્વારા ગુણાકારની મૌખિક પ્રક્રિયા

સમજાવીશ. "કૂદકા મારતાં પ્રાણીઓ" દ્વારા ભાગાકારની ક્રિયા શીખવીશ. દરિયાઇ છીપલાંના ઉદાહરણ દ્વારા વ્યવહારું ભાગાકારના દાખલાની ગણતરી કરાવીશ. ભાગાકારની ગણતરીની રીતો ઉદાહરણ દ્વારા બતાવીશ. વિદ્યાર્થીઓને કૂટપ્રશ્નોની રચના આપેલ ચિત્ર તથા માહિતીને આધારે કરતાં શીખવીશ. વિદ્યાર્થીઓ કૂટપ્રશ્નની રચના કરશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ :

**મૂલ્યાંકન**

- મહાવરોના ભાગાકારની ક્રિયા કરી દાખલા ગણો.
- મહાવરોના દાખલા લખો.
- પ્રયત્ન કરો ના દાખલા ગણો.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન

**પાઠનું નામ:** (૧૨) કેટલું ભારે કેટલું હલકું ?

**અધ્યયન નિષ્પતિ :**

M 403 રોજિંદા જીવનની પરિસ્થિતિઓ, સમસ્યાઓનો ઉકેલ મૂળભૂત ગાણિતીક ક્રિયાઓ દ્વારા આપે છે. (વજન આધારિત)

***<u>વિષયવસ્તુના મુદ્દા</u>***

12.1 આપેલ વસ્તુને ભારેપણાનો અંદાજ લગાવી શકે.
12.2 વજનિયાનો ઉપયોગ કરી શકે.
12.3 આપેલ વજનિયાના માપ પર વિવિધ ક્રિયાઓ કરી શકે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ઘર સામાનનું ( વસ્તુઓનું વજન)
- વસ્તુઓ કદમ મોટી અને ભારે તે ત્રાજવા દ્વારા નક્કી થાય.
- શું ભારે છે ? પ્રવૃતિ
- સૌથી ભારે શું છે ?
- વજનિયા બનાવી
- ગ્રામ અને કિલોગ્રામ
- મોટે ભાગે જે વસ્તુઓ ખરીદતા હોઈએ તેની યાદી બનાવવી.
- શું ભારે છે ? ચર્ચા તથા પ્રશ્નોતરી
- કાર અને ટ્રેક્ટરમાં ભારે કોણ છે ? ચર્ચા
- હાથીનું વજન વાર્તાનું કથન
- તૂટેલા પથ્થરો દ્વારા બલટાંના લાકડાનું વજન
- પોસ્ટ ઓફિસ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ત્રાજવું
- પોસ્ટ ઓફફઈકેની પોસ્ટ ટિકિટો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને હેટ અને માંનું ઘર બદલી રહ્યા છે તે વાત રજૂ કરી ઘર સામાનનું (વસ્તુઓનું) વજન કી. ગ્રા. માં છે તે જણાવીશ. ઘોડાના નાદુરસ્ત છે. તેથી ઘોડાગાડીની ૭૦૦ કી. ગ્રા. થી વધારે ભરી શકાય તેમ નથી, તો કઈ વસ્તુઓ કાઢવી જોઈએ કે જેથી વજન ૭૦૦ કી. ગ્રા. થી વધારે ના થાય ? ચર્ચા કરીશ. ગધમાં ભરેલ અમુક વસ્તુ કદમ મોટી અને ભારે છે તે વજન ત્રાજવા દ્વારા નક્કી થાય તે વિશે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પાસે ત્રાજવું બનાવવાની પ્રવૃતિ કરાવીશ. ત્રાજવામાં કંપાસપેટી, પેન્સિલ જેવી વસ્તુઓ મૂકી કઈ વસ્તુ ભારે છે ? તે નક્કી કારવીસ. ત્રણ વસ્તુઓના જુથ બનાવી સૌથી હલકું, બંનેની વચ્ચેનું અને સૌથી ભારે વસ્તુ ત્રાજવાનો ઉપયોગ કરી નક્કી કરાવીશ. કોષ્ટક પૂર્ણ કરાવીશ. વિદ્યાર્થીઓને સબુની ગોટીની મદદ થી ૧૦૦ ગ્રામ, ૧૫૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૭૫૦ ગ્રામ, ૧૦૦૦ ગ્રામ ના વજનીય બનવડાવીશ. બનાવેલ વજનીયનો ઉપયોગ જુદી જુદી વસ્તુઓનું વજન કરવા માટે કરાવીશ. જે આપણે મોટે ભાગે વસ્તુઓ ખરીદતા હોઈએ એવી ગ્રામ અને કી. ગ્રા. માં પાંચ પાંચ વસ્તુઓના નં કોષ્ટકમાં લખવા જણાવીશ. ૧ કિલોગ્રામ રુકે. ૧ કિલોગ્રામ લોખંડ માં વજન કોનું વધારે ? તે ચર્ચા કરીશ. દીનેશે ખરીદેલ વસ્તુઓના વજનની સામે અનુમાન કરીને ગ્રામ અથવા કી. ગ્રા. લખવા જણાવીશ. રામકડાની કાર અને ટ્રેક્ટર માં વજન કરી નક્કી કરાવીશ. કે ભારે કોણ છે ? વાસ્તવિક ગાડી, બસ કે ટ્રેક્ટર માંથી સૌથી ભારે શું છે ? તે અનુમાન લગાવવા જણાવીશ. તમે સૌથી ભારે વસ્તુ કઈ જોઈ છે ? તે વિદ્યાર્થીઓ પાસે માહિતી મેળવીશ. વિધરથૂ ને "હાથનું વજન" વાર્તાનું કથન કરીશ. આગળની કલ્પના કરી વાર્તા પૂર્ણ કરાવીશ. વૈદિક, એ કેવી રીતે હાથીનું વજન શોધ્યું ? તે ચર્ચા કરીશ. ખુરશીનું વજન કાંતથી કરવા માટેની રીત ની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓને તૂટેલા પથ્થરના ટુકડાના વજન દ્વારા બલટાંના લાકડાનું વજન કેવી રીતે

થશે ? તે જૂથમાં કાર્ય સોંપીશ. વિદ્યાર્થીઓ વજન કરશે. પોસ્ટ ઓફિસ વિશે પ્રશ્નોત્તરી કરીશ. ટપાલીની વસ્તુઓના દરનો અભ્યાસહ કરાવીશ. તેના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તર મેળવીશ. પોસ્ટ ઓફફઈકેની ટિકિતોનું અવલોકન કરાવીશ. જુદી જુદી ટિકિતોનો જુદી જુદી કેટલી રીતે ઉપયોગ કરીને ૨૫ રૂ. ની કિંમતની ટિકિટ બનાવી શકાય ? તે વિદ્યાર્થીઓ પ્રાયોગિક રીતે કરશે. દેડકા અને કાગડાની વાર્તાનું કથન કરી ગ્રામ એકમ વાળ સરવાળાના વ્યવહારુ દાખલ ગણવીશ. આપેલ કોષ્ટકમાં ૬ થી ૧૦ વર્ષની વચ્ચેની ઉંમર ના બાળકોની ઊંચાઈ અને વજન દર્શાવેલ છે તેનું વાંચન કરાવીશ. તમારા પંચમીત્રોની ઉંમર, ઊંચાઈ અને વજન જાણી કોષ્ટક પૂર્ણ કરાવીશ. કોયડા ઉકેલમાં આપેલ કેટલી નારંગી અને તે લખોટી શોધો કોયદાને વિદ્યાર્થીઓ પાસે ઉકેળવીશ. વિદ્યાર્થીઓ કોયડો ઉકેલશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવુતિ : ત્રાજવું બનાવવું તથા ત્રાજવાનું ચિત્ર આપેલ ખાનામાં દોરો

પ્રવૃતિ : વજનીય બનાવો

પ્રવૃતિ: પોસ્ટ ટિકિટોનું એકત્રીકરણ

**મૂલ્યાંકન**

- મહાવરો લખો
- આપેલ પ્રક્ષોના ઉત્તરો લખો

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન

**પાઠનું નામ:** (૧૩) ખેતર અને તેની ફરતે વાડ

**અધ્યયન નિષ્પતિ :**

M 404 આપેલ આકારને એકમ તરીકે લઈ ભૌમિતીક આકારો (ત્રિકોણ, લંબચોરસ, ચોરસ)ની પરિમિતિ અને ક્ષેત્રફળ રજૂ કરે છે.

***વિષયવસ્તુના મુદ્દા***

13.1 સાદા ભૌમિતીક આકારોની પરિમિતિ શોધો અને ક્ષેત્રફળનો પ્રાથમિક ખ્યાલ મેળવો.

**શૈક્ષણિક મુદ્દા :**

- ખેતરની હદની લંબાઈ તથા તારની વાડ
- લંબાઈ તથા તેના એકમની સમજ ( સે. મી., મીટર, કિલોમીટર )
- પ્રવૃતિ : આપેલ આકારના હદની લંબાઈ શોધો

- અલગ અલગ આકારો બનાવવા
- શાળાનો બગીચો
- પ્રવૃતિ ૧ થી ૭
- કોયડો : ઘર અને કૂવો.

**શૈક્ષણિક સાધન :-** પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિધાર્થિની પ્રવૃત્તિ :**

વિધાર્થીઓને ખેતરના હદની લંબાઈ આપેલ પાઠ્ય પુસ્તક ના ખેતરના ચિત્રણ આધારે જાણવા જણાવીશ. ખેતરના હેડ ની ફરતે તારની વાડ માટે જરૂરી તાર વિશે ઉદાહરણ દ્વારા માહિતી આપીશ. તેના આધારે પ્રશ્નોતરી કરીશ. વિધાર્થીઓ પ્રશ્નોના ઉત્તર આપશે વ્યવહારુ કોયદાની ગણતરી કરાવીશ. પ્રવૃતિમાં આપેલ આકારના હદની લંબાઈ શોધવીશ. તેના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તરો વિધાર્થીઓ પાસે થી મેળવીશ. ૨૦ સે. મી. લાંબો દોરો લઈ તેના છેડા જોડીને અલગ અલગ આકારો બનવડાવીશ. તેના બીજા આપેલ ચોરસ ખાનવલ કાગળમાં ચોટાડીશ. બે ચોરસનો ઉપયોગ કરી આપેલ ચોરસ ખાનાવલ કાગળમાં તે દોરવીશ. મહવારોમાં આપેલ ચોરસની હેડ માપવિષ. વ્યવહારુ કોયદાની ગણતરી કરાવીશ. શાળાના બગીચામાં બગીચો ૧ અને બગીચો ૨ ની લંબાઈ એક સરખી કેવી રીતે છે તે નક્કી કરાવીશ. પ્રવૃતિ - ૧ થી ૭ વિધાર્થીઓને જૂથમાં કરાવીશ. વિધાર્થીઓ પ્રવૃતિ ૧ થી ૭ કરશે. “ઘર અને કૂવો” કોયદનું વિધાર્થીઓ સમક્ષ વાંચન કરીશ. વિધાર્થીઓના જુથ પડી કોયડો ઉકેલવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃતિ : આપેલ આકારના હદની લંબાઈ શોધો

પ્રવૃતિ : દોરી લઈ તેના છેડા જોડી અલગ અલગ આકારો બનવડાવીશ.

પ્રવૃતિ : પ્રવૃતિ ૧ થી પ્રવૃતિ ૭

**મૂલ્યાંકન** - મહાવરો લખો

**માર્ચ માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: (૧૪) સ્માર્ટ ચાર્ટ**

**અધ્યયન નિષ્પતિ :**

M 413 ભેગી કરેલ માહિતીને કોષ્ટકમાં અને સ્તંભાલેખમાં નિરૂપણ કરે છે અને તેમાંથી અનુમાન તારવે છે.

***વિષયવસ્તુના મુદ્દા***

14.1 સંગૃહિત માહિતીને કોષ્ટક અને આલેખ સ્વરૂપે દર્શાવે અને અર્થઘટન કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- કેટલા કલાક ?
- ટી.વી. અથવા રેડિયોની સામે કેટલા સમય પસાર કરો છો ?
- પોતાના મિત્રો અઠવાડિયામાં કેટલો સમય પસાર કરે છે ?
- કયો કાર્યક્રમ
- કુટુંબના સભ્યોનો મન પસંદ અને નાપસંદ કાર્યક્રમ
- મિત્રોનો મનપસંદ અને નાપસંદ કાર્યક્રમ
- મારો દોસ્ત કોણ ? કવિતાનું વાંચન
– ગાન પ્રશ્નોત્તરી
- ખોરાક જે ખાઇએ છીએ.
- વર્ગખંડ નાટકની તૈયારી
- નાટકના નકશાના આધારે પ્રશ્નોત્તરી
- કોનું માથુ મોટું છે ?
- ચપાટી (વર્તુળ) આલેખ (પાઇચાર્ટ)
- વરસાદમાં પલળવું
- ૧/૨, ૧/૪, ૩/૪ ની સમજ
- ચા, કોફી કે દૂધમાંથી શું પસંદ છે ?

**શૈક્ષણિક સાધન :-** પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને દરરોજ ટી.વી. અથવા રેડિયોની સામે કેટલો સમય પસાર કરો છો ? તેની નોંધ કરવા જણાવીશ. અઠવાડિયા સુધી નોંધ કરાવી મહિનામાં કેટલો સમય પસાર કરશે તે શોધાવશી. વિદ્યાર્થીઓને પોતાના દોસ્તો પાસેથી અઠવાડિયામાં કેટલો સમય પસાર કરે છે તે નોધાવીશ. તેના આધારે આપેલ માહિતી પૂર્ણ કરાવીશ. વિદ્યાર્થીઓને પોતાના કુટુંબના સભ્યોનો મનપસંદ એક કાર્યક્રમ અને નાપસંદ એક કાર્યક્રમનું કોષ્ટકમાં માહિતી લખવા જણાવીશ. વિદ્યાર્થીઓને પોતાના મિત્રો પૂછી

તેમનો પસંદ અને નાપસંદ કાર્યક્રમ કોષ્ટકમાં લખવા જણાવીશ. તેના આધારે આપેલ પ્રશ્નોની ચર્ચા કરી ઉત્તર લખવા જણાવીશ. વિદ્યાર્થીઓને કવિતાનું ધ્યાનથી વાંચન કરાવીશ. કવિતાનું ગાન કરીશ. અને આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે. વિદ્યાર્થીઓ સવારે ચોખા, ઘઉ, મકાઇ, જવ માંથી બનેલ કઇ વસ્તુ ખાય છે તે જણાવવા કહીશ. વિદ્યાર્થીઓને વર્ગમાં સહાધ્યાયીને પૂછીને કોષ્ટક પૂર્ણ કરાવીશ. વર્ગખંડમાં બાળકો નાટકની તૈયારી કરે છે. નાટકના નકશાના આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર આપશે. નકામા પેપરની લાંબીપટ્ટી વિદ્યાર્થીઓના માથા ફરતે વીટાળવા જણાવીશ. એક મોટા પેપર પર આ પટ્ટીઓને આલેખની જેમ ચોટાડવા જણાવીશ. તેના આધારે આપેલ માહિતી પૂર્ણ કરાવીશ. ચપાટી (વર્તુળ) આલેખમાં અલગ – અલગ મંડળના વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે આપેલ માહિતી પૂર્ણ કરાવીશ. વિદ્યાર્થીઓ આપેલ માહિતી પૂર્ણ કરશે. વરસાદમાં પલળવું કોને ગમે છે ? કોને ગમતું નથી તેની ચપાટી (વર્તુળ) આલેખ બનાવેલ છે. તેના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. વિદ્યાર્થીઓને ચા, કોફી કે દૂધમાંથી શું પસંદ છે ? તે પૂછી કોષ્ટકમાં નોંધાવીશ. કોષ્ટકને આધારે આપેલ માહિતી શોધાવીશ. ચપાટી (વર્તુળ) આલેખમાં ચા, કોફી કે દૂધ પસંદ કરનાર દર્શાવવા જણાવીશ. વિદ્યાર્થીઓ ચપાટી (વર્તુળ) આલેખમાં દર્શાવશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ : ટી.વી. અથવા રેડિયોમાં કયા કાર્યક્રમો આવે છે ? તે નોંધી લાવવા

પ્રવૃત્તિ : તમને ગમતા પુસ્તક માંથી એક ફકરો લો. ધ્યાનથી વાંચો અને શોધો. (પા.પુ.માં આપેલ પ્રશ્નોના ઉત્તરો)

**મૂલ્યાંકન**

- આપેલ પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.